# વાઘ બકરી ચા ગ્રુપનું પારિવારિક વ્યવસાય અને અનુકરણીય પારિવારિક મૂલ્યો દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારતના માન. રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન દ્વારા સન્માન




ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં રાષ્ટ્રના જાણીતા વ્યવસાયિક અગ્રણીઓની હાજરી વચ્ચે નવી દિલ્હીમાં હાલમાં વાઘ બકરી ચા ગ્રુપનું ફેમીલી લેગસી બીઝનેસ એવોર્ડથી સન્માન કર્યું હતું. વાઘ બકરી ચા ગ્રુપની સ્થાપના શ્રી નારણદાસ દેસાઈએ વર્ષ ૧૮૯૨માં કરી હતી જે પેઢીઓથી ભારતમાં અને ૩૦ કરતાં વધુ દેશોમાં શ્રેષ્ઠ ચાનું મિશ્રણ કરે છે. ચેરમેન શ્રી પિયુષ દેસાઈનું રવિવાર ૧૪ મે ૨૦૧૭ના રોજ ઈન્દીરા ગાંધી ઈનડોર સ્ટેડીયમ નવી દિલ્હી ખાતે એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરો શ્રી પરાગ દેસાઈ અને પારસ દેસાઈની હાજરીમાં એવોર્ડ વડે બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી પરાગ દેસાઈ અને શ્રી પારસ દેસાઈ વાઘ બકરી ચાના ૪થી પેઢીના વ્યવસાયિકો છે અને રૂા. ૧૦૦૦ કરોડ કરતાં વધુનું ટર્નઓવર કરે છે.

આ પ્રસંગે શ્રી પરાગ દેસાઈએ કહ્યું હતું કે ''વાઘ બકરી ચા ગ્રુપ અમારામાં વિશ્વાસ રાખનારા કરોડો ચાના રસીયાઓ અને બીઝનેસ એસોસિએટ્સને આ એવોર્ડ સમર્પિત કરે છે.''